# Summary

## :: શોધનિબંધ નો સારાંશ ::

'' કેટલીક ગુજરાતી ટૂંકી વાર્તાના સંદર્ભે કથાસાહિત્યની એક મહત્વ -ની રચનારીતિગત પ્રયુક્તિ તરીકે કથનકેન્દ્રનો આલોચનાત્મક અભ્યાસ ''

આ શોધનિબંધને કુલ પાંચ પ્રકરણમાં વિભાજિત કર્યો છે. અને તેની રૂપરેખા નીચે પ્રમાણે છે.

## પ્રકરણ : ૧ : કથાસાહિત્યની વિભાવના :

પહેલા પ્રકરણમાં કથાસાહિત્યની વિભાવના સ્પષ્ટ કરવામાં આવી છે. સાહિત્યની મુખ્ય ત્રણ ધારાઓ-કાવ્યાત્મક, કથનાત્મક અને નાટયાત્મક પ્રાચીનકાળથી જાણીતી છે અને ચર્ચાતી આવી છે. આ ત્રણ ધારા પરસ્પરને પૂરક હોવા છતાં કોઈ એક ધારાના વર્ચસ્વને કારણે સાહિત્યના સ્વરૂપો નિયત થતાં હોય છે. કથનાત્મક ધારા અને નાટયાત્મકધારા વચ્ચેના વ્યાવર્તક લક્ષણ તરીકે કથનકેન્દ્ર સ્વીકારાતું આવ્યું છે. પણ કથનકેન્દ્રની વિગતે ચર્ચા કરતા પહેલાં કથાસાહિત્ય વિશે થોડી ચર્ચા અહીં અપેક્ષિત છે.

કથાસાહિત્ય એટલે શું ? એ પ્રશ્ન દેખીતી રીતે સીધો સાદો લાગે છે. પણ એ ઘણો સંકુલ પ્રશ્ન છે. અંગ્રેજીમાં કથાસાહિત્ય માટે પ્રયોજાતી પરિભાષા 'ફિક્શન'નો સાદો અર્થ થાય છે ઉપજાવી કાઢેલું, કાલ્પનિક બનાવટી. પરંતુ આ સંજ્ઞા અતિવ્યાપક બની રહે છે તેના અર્થથી. ટૂચકાથી માંડીને મહાભારત-રામાયણ સુધીની રચનાઓને આ વિભાવના હેઠળ

સમાવી શકીએ. કથાસાહિત્ય અને તથ્ય , હકીકત પરસ્પર વિરોધી નથી પણ એકમેકના પૂરક છે એવું સ્પષ્ટ કર્યા પછી આ બંનેનો વિચિત્ર લાગતો સંબંધ વધારે સ્પષ્ટતાથી – એ બને જ્યાં એકીસાથે જોવા મળે છે ત્યાં – ઈતિહાસમાં જોવા મળે છે એટલે તેની વિગતે ચર્ચા કરી છે. ઈતિહાસ અને કથાસાહિત્ય વચ્ચેના સામ્ય-વૈષમ્યની વિગતે ચર્ચા કરી ઐતિહાસિક કૃતિની વાસ્તવિક ઘટના પણ કથાસાહિત્યની નજીક જઈ પહોંચે છે તે મુદ્દા પર ભાર આપવામાં આવ્યો છે.

આપણે 'નેરેટિવ' અને 'નેરેટિવ ફિક્શન' બંને સંજ્ઞાને કથા-સાહિત્યના અર્થમાંજ પ્રયોજતા આવ્યા છીએ. આધુનિક – અનુઆધુનિક વિવેચકો આ બંને વચ્ચે કઈ રીતે ભેદ પાડે છે તેની ચર્ચા પણ અહીં આવરી લીધી છે.

કથાસાહિત્યના પાયામાં કાર્ય (એકશન) છે. (આ ઘટક નાટકમાં પણ જોવા મળે છે) આ કાર્યની વિભાવના સ્પષ્ટ થાય તો જ ઈતિહાસ અને કથાસાહિત્ય વચ્ચેનો ભેદ સ્પષ્ટ થાય. કાર્ય સાથે ગતિ, પરિવર્તન, કાર્ય પાછળનો હેતુ અને કાર્ય જેની દ્વારા થાય છે તે કર્તા (ચરિત્ર) આ બધાં મહત્વનાં પુરવાર થાય. એટલે તેની વિગતે વાત કરી છે.

જીવનચરિત્ર, આત્મકથા, ડાયરી, ઈતિહાસ, વૃત્તાંતનિવેદન વગેરેમાં વાસ્તવિક સત્ય હોય છે. સામાન્ય રીતે કથાસાહિત્યને ભ્રાંતિ, મેઈકબિલીવ સાથે સાંકળવામાં આવે છે પરંતુ ખરેખર તો તેનો 'સત્ય' સાથેનો સંબંધ વધુ નિકટનો છે. આ સંબંધ કયા પ્રકારનો છે તેની ચર્ચા ટૂંકી વાર્તાનાં કેટલાંક દૃષ્ટાંતોને આધારે કરવામાં આવી છે. સર્જક વાસ્તવના

સત્યનો આધાર લઈ શકે પણ ત્યારે એ સત્ય સર્જકચેતનામાંથી પસાર થતું હોવાને કારણે કેવી રીતે વિલક્ષણ રૂપ ધારણ કરે છે તેની પણ સદૃષ્ટાંત ચર્ચા કરી છે.

ટૂંકી વાર્તાનું અથવા કોઈપણ સાહિત્યનું સત્ય વ્યવહારના સત્યથી જુદું પડે છે. તે સંદર્ભગત સત્ય નથી પણ રચનારીતિ ધ્વારા કૃતિનાં ઘટકો વચ્ચે સિધ્ધ થતી જૈવિક સંવાદિતાનું સત્ય બની રહે છે. નવલકથાની સરખામણીમાં ટૂંકીવાર્તા કેવી રીતે આ સંવાદિતા વિશેષ માત્રામાં સિધ્ધ કરેછે તેની ચર્ચા સિધ્ધહસ્ત સર્જકોની કૃતિઓને આધારે કરવામાં આવી છે.

સાથે સાથે અહીં બીજી એક મહત્વપૂર્ણ વાતનો સ્વીકાર કરવામાં આવેલ છે કે કથાસાહિત્યને અને માનવમૂલ્યોને અલગ કરી શકાતાં નથી. સર્જનાત્મક કૃતિ અને વાસ્તવજગત વચ્ચે સિધ્ધ થતા સંવાદ પર આ મૂલ્યોનો આધાર છે એવું આજે સ્વીકૃત થવા માંડયું હોયતો કથાસાહિત્યનો આ દૃષ્ટિએ વિચાર કરવો અનિવાર્ય છે. પરંતુ અનુઆધુનિક વિવેચનાએ આ દિશામાં વિચાર કરવાનું માંડી વાળ્યું છે. આ વિચારણા-યુરોપ-અમેરિકામાં અત્યંત પ્રભાવશાળી બની છે. એટલે અહીં અનુઆધુનિક દૃષ્ટિએ કથનાત્મક કૃતિના કેન્દ્રની વિગતે ચર્ચા કરી છે.

કથાસાહિત્યના પ્રકારોમાં નવલકથાની ચર્ચા જ વધુ થાય છે. રોબર્ટ શોલ્સ અને રોબર્ટ કેલોગ તો આત્મકથા, જીવનકથાને પણ કથાસાહિત્યના જ પ્રકાર ગણાવે છે. ટૂંકી વાર્તા વધુ ચુસ્ત, સંકુલ સ્વરૂપ છે. તેના સર્જકને પણ આ સ્વરૂપ પડકાર ફેંકે છે અને છતાંય કથાસાહિત્યની આજ સુધીની બધી જ ચર્ચા નવલકથાને કેન્દ્રમાં રાખીને થતી આવી છે. એટલે અહીં આ ચર્ચા ટૂંકીવાર્તાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે. અને એટલે જ કથનકેન્દ્રની વાત પર જતાં પહેલાં બીજા પ્રકરણમાં ટૂંકી વાર્તાની ઉત્ક્રાંતિ સાથે ગુજરાતી ટૂંકીવાર્તાના વિકાસઆલેખની વિગતે ચર્ચા કરી છે.

પ્રકરણ : ૨ : કથાસાહિત્યના એક પ્રકાર તરીકે ટૂંકીવાર્તા :

વાર્તા અને ટૂંકીવાર્તા તથા ટૂંકીવાર્તા અને નવલકથા વચ્ચેની ભેદકરેખા સ્પષ્ટ કરી છે. પ્રાચીનકાળથી વાર્તા, કથા તો રચાતાં આવ્યાં છે. પરંતુ એ જમાનામાં મોટાભાગનું સાહિત્ય મુખપરંપરાથી સચવાતું આવ્યું હોવાને કારણે એ રચનાઓમાં માત્ર કથનનું પ્રાધાન્ય હતું. પરંતુ જ્યારે સાહિત્ય શ્રુતિકેન્દ્રી ઉપરાંત દૃષ્ટિકેન્દ્રી બન્યું અર્થાત્ મુદ્રણયંત્રની શોધને કારણે સાહિત્ય મુદ્રિત થવા માંડયું એટલે કથનનું પ્રાધાન્ય પણ ઘટયું. આજે જેને આપણે ટૂંકીવાર્તા કહીએ છીએ તે પ્રાચીન કથનપરંપરાનો ઉપયોગ કરતી હોવા છતાં તે ઘણી બધી બાબતોમાં જુદી પડે છે. ટૂંકીવાર્તાના સ્વરૂપની ઉત્ક્રાંતિ કરનારા કેટલાંક સાહિત્યિક-અસાહિત્યિક પરિબળોની ચર્ચાને અહીં આવરી લેવામાં આવી છે.

૫

ટૂંકીવાર્તાની કેટલીક મહત્વની વ્યાખ્યાઓની પણ અહીં ચર્ચા કરી છે. કથાસાહિત્યનાં મુખ્ય ઘટકો વસ્તુસંકલના, પાત્રનિરુપણ, ભાષા વગેરેની ચર્ચા ટૂંકી વાર્તાના સંદર્ભે કરી છે. ટૂંકી વાર્તાના કેન્દ્રમાં રહેલી ઘટના વિશે ગુજરાતી સર્જન-વિવેચનમાં ખૂબજ સંદિગ્ધતા પ્રવર્તે છે. એટલે અહીં ઘટનાની વિભાવના સ્પષ્ટ કરી તેને સામગ્રીના રૂપાંતરણ સાથે સાંકળી લીધેલ છે. આ ઘટકો ઉપરાંત કેટલાંક મહત્વના પણ ક્યારેય નહીં ચર્ચાતા ઘટકોની વાત પણ આવરી લીધી છે. કથનકેન્દ્રની વિગતે ચર્ચા ત્રીજા પ્રકરણમાં કરી છે એટલે અહીં માત્ર ઉલ્લેખ જ છે.

ગુજરાતી ટૂંકીવાર્તાના ઐતિહાસિક આલેખને બદલે સંક્ષેપમાં આ સ્વરુપની વિભાવના બદલવામાં સર્જન-વિવેચને કેવો ભાગ ભજવ્યો તેની વિગતે ચર્ચા કરી છે.

## પ્રકરણ : ૩ : ટૂંકીવાર્તાની મહત્વની યુક્તિ-પ્રયુક્તિ તરીકે તથા તેના ઘટક તરીકે કથનકેન્દ્ર.

આ પ્રકરણમાં કથનકેન્દ્રની વિભાવના, સંજ્ઞાવિચાર, તેનો ઐતિહાસિક આલેખ, તેના પ્રકારો, કથાસાહિત્યનાં અન્ય ઘટકો સાથેનો તેનો સંબંધ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

વિવિધ સંદર્ભગ્રંથો તથા વિવિધ વિવેચકોની દૃષ્ટિએ કથનકેન્દ્ર સંજ્ઞાની સમજ તથા તેની બદલાતી જતી વિભાવનાની વિગતે તપાસ કરી છે. કથનકેન્દ્રના પ્રકારોની વિગતે ચર્ચા કરી આધુનિક-અનુઆધુનિક વિવેચકોની દૃષ્ટિએ કથનકેન્દ્રની વિભાવના અને વર્ગીકરણની ચર્ચા કરી છે.

૬

કથનકેન્દ્ર કથાસાહિત્યનો પોતાનો આગવો પ્રશ્ન છે. નાટયાત્મકકળાનો પ્રશ્ન નથી. એ હકીકતના સ્વીકાર પછી કથનકેન્દ્રના પ્રશ્નની વ્યાપકતા ચર્ચી છે. માત્ર કથાસાહિત્યમાં જ નહીં સાહિત્ય સિવાયની અન્ય કળાઓમાં પણ કથનકેન્દ્રનો પ્રશ્ન મહત્વનો છે. સિનેમા, ચિત્ર તથા શિલ્પકળા સંદર્ભે કથનકેન્દ્રના પ્રશ્નનું મહત્વ સદૃષ્ટાંત ચર્ચેલું છે.

કથાસાહિત્યની એક મહત્વની પ્રયુક્તિ તરીકે કથનકેન્દ્રની ચર્ચા ગુજરાતી વિવેચન ટાળતું જ આવ્યું છે. કથનકેન્દ્રની પ્રયુક્તિ પરત્વે ગુજરાતી સર્જનની સભાનતાની સરખામણીએ વિવેચન ઊણું ઉતરે છે. આ ચર્ચા ઐતિહાસિક ક્રમને ધ્યાનમાં રાખીને કરી છે.

કથનકેન્દ્રનો પ્રશ્ન આધુનિક યુગની નીપજ છે એ વાતમાં તથ્ય નથી. પ્રાચીનકાળમાં કથનકેન્દ્ર પ્રત્યેની સભાનતા વેદવ્યાસ તથા અભિનવગુપ્તમાં પણ છે તથા પ્લેટોએરિસ્ટોટલમાં પણ છે. પૂર્વ-પશ્ચિમના અભિનવગુપ્ત, એરિસ્ટોટલ, લોંજાઈનસ, હોરેસ, એલિયટ વગેરેનાં દૃષ્ટિ-બિંદુઓની વિગતે વાત કરી છે.

કથનકેન્દ્રના મુખ્ય બે પ્રકારો તથા તેના લાભાલાભની ચર્ચા કર્યા પછી કથનકેન્દ્રમાં ઉચ્ચાવચતા સંભવે કે નહીં તેની ચર્ચા કરી છે. આ ચર્ચા સાથે પાત્રચિત્તપ્રવેશના પ્રશ્નને સાંકળી લીધો છે. કથનકેન્દ્રની પસંદગી યાદૃચ્છિક રીતે ન થઈ શકે. તેની પસંદગી સામગ્રીની અનિવાર્યતા માંથી ઊભી થવી જોઈએ. સર્જક જ્યારે સામગ્રીને અનુરૂપ કથનકેન્દ્ર શોધવામાં

નિષ્ફળ રહે છે ત્યારે કૃતિ જૈવિક સંવાદિતા પ્રાપ્ત કરી શકતી નથી. કથનકેન્દ્રના પ્રશ્નો ઉકેલતો સર્જક કઈ રીતે ભાષાના, વસ્તુસંકલનાના, પાત્રનિરૂપણના પ્રશ્નો ઉકેલતો જાય છે તેની ચર્ચા સાથે આ પટકો સાથેનો કથનકેન્દ્રનો સંબંધ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

કથનકેન્દ્ર નિયત કરતાં અન્ય પરિબળોની ટૂંકમાં ચર્ચા કરી છે.

<u>પ્રકરણ : ૪ : ગુજરાતી વાર્તાની તપાસ – કથનકેન્દ્રની દૃષ્ટિએ :</u>

આ પ્રકરણમાં ગુજરાતી ટૂંકી વાર્તાઓમાંથી પસંદ કરેલી દસ વાર્તાઓની વિગતવાર સમીક્ષા કથનકેન્દ્રને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. સ્વાભાવિક રીતે જ આનુપૂર્વીગત પસંદગી કરી છે જેથી કરીને ગુજરાતી ટૂંકીવાર્તા કઈ રીતે રચનારીતિ પ્રત્યે સભાન બનતી ગઈ, સર્જકોના હાથે તેની વિભાવના કઈ રીતે પલટાતી ગઈ તેનો આલેખ મળી શકે. પસંદ કરેલ વાર્તાઓ :

| | | |
|---|---|---|
| ૧. | સ્ત્રીહૃદય | : ધૂમકેતુ |
| ૨. | મુકુન્દરાય | : દ્વિરેફ |
| ૩. | ખોલકી | : સુન્દરમ્ |
| ૪. | મારી ચંપાનો વર | : ઉમાશંકર જોશી |
| ૫. | જગમોહને શું જોવું ? | : જયંતિ દલાલ |
| ૬. | તમે આવશો ? | : ચંદ્રકાંત બક્ષી |

૮


૭. ધારોકે : મધુરાય

૮. ચોંટી : ઈવા ડેવ

૯. ન કૌંસમાં ન કૌંસ બહાર : સરોજ પાઠક

૧૦. બે સૂરજમુખી અને : સુરેશ જોષી


પ્રકરણ : ૫ : ઉ પ સં હા ર :

આ અંતિમ પ્રકરણમાં અત્યાર સુધીની ચર્ચાને આધારે કેટલાંક મહત્વનાં તારણો કાઢવામાં આવ્યાં છે. વાર્તા પ્રાચીન હોય કે આધુનિક, પરંપરાગત શૈલી હોય કે પ્રયોગવાદી શૈલી હોય – એમાં કથનકેન્દ્રની મહત્તા તો સ્વયંસ્પષ્ટ છે. હેન્રી જેમ્સથી શરૂ થયેલી કથનકેન્દ્રની વિભાવના પલટાતી પલટાતી આજે પાછી શબ્દભેદે એ જ સ્વરૂપે આવીને ઊભી રહી છે તેનો નિર્દેશ અનુઆધુનિક વિવેચકોની ચર્ચાને આધારે કરવામાં આવ્યો છે.

ગુજરાતી વાર્તામાં મલયાનિલથી માંડીને ૧૯૯૨ સુધી જે નવા અવાજો આવ્યા તેમાં કથનકેન્દ્ર અંગેની સભાનતા પાછળથી આવી ખરી પરંતુ આપણે જોઈ શકીશું કે આને લગતા પ્રયોગો એટલા વ્યાપક પ્રમાણમાં આપણા વાર્તાકારોએ કર્યા નથી. વળી કથનકેન્દ્ર અને કથાસાહિત્યને લગતા બીજા મુદ્દાઓની તપાસ સારી રીતે કરવા માટે ભારતીય કથન-પરંપરાનો એક દીર્ઘ અને સમીક્ષાત્મક આલેખ શા માટે અનિવાર્ય છે તેની ચર્ચા પણ અહીં કરી છે.

::::::